# વિષય - ગણિત   ૧. ઈંટોની ઈમારત




❖ અધ્યયન નિષ્પતિઓ :- ૧. ઈંટોના આકાર અને તેની ગોઠવણી ની પેટર્ન જાણે

૨. ૧૦,૦૦૦ સુધીની સંખ્યાઓ ની સ્થાન કિંમત ને આધારે સાંજે વાંચે અને લખી શકે.




૩. રોજિંદા જીવનમાં સંખ્યાઓની ગાણિતિક ક્રિયાઓને લાગુ પાડે છે.

**પ્રશ્ન- ૧. નીચે આપેલા પ્રશ્નોના જવાબ માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

(૧) દિવાલ ચણવા માટે નીચેનામાંથી ઈંટની કઇ બાજુનો નો ઉપયોગ થાય છે ?.....................................

(અ)  (બ)  (ક)  (ડ) 

(૨) નીચેમાંથી કયું ચિત્ર ઈટનું છે ? ..................................

(અ)  (બ)  (ક)  (ડ) 

(૩) ઈંટોને કેટલી બાજુઓ હોય છે ?........................

(અ) છ (બ) ચાર (ક) આંઠ (ડ) બાર

(૪) નીચે આપેલી સામગ્રી પૈકી કોનો ઈંટ બનાવવા માટે ઉપયોગ થતો નથી ?...................................

(અ) પાણી (બ) ઝીણી રેતી (ક) મોટા પથ્થર (ડ) માટી

**પ્રશ્ન-૨ નીચેના પ્રશ્નોના જવાબ યોગ્ય જવાબ લખો.**

(૧) નીચેનામાંથી કઇ પેર્ટન વર્તુળાકાર છે ?. તેની નીચે ✓ ની નિશાની કરો.









________________  ________________

(૨) નીચેનામાંથી કઇ પેર્ટનમાં દર્પણચિત્ર જોઇ શકો ? તેની નીચે ✓ ની નિશાની કરો.







(૩) નીચેનામાંથી કઇ દિવાલ મજબૂત છે ? તેની નીચે ✓ ની નિશાની કરો.






________________ ________________

(૪) નીચેની દિવાલમાં કેટલી ઈંટોનો ઉપયોગ થયો છે તે ગણો અને લખો. (બે અડધી ઈંટ = એક ઈંટની ગણતરી કરવી)



(૫) નીચે આપેલી દિવાલમાં કેટલીક ઈંટોને લાલ રંગ કરી જાળીની પેર્ટન બનાવો.



પ્રશ્ન- ૩. ખાલી જગ્યા પૂરો.

(૧) એક ઈંટના ૫ રૂપિયા હોય તો ૫૦૦ ઈંટોના ......................રૂપિયા થાય.

(૨) જો ૨૦૦ ઈંટોના ૧૦૦૦ રૂપિયા હોય તો ૧ ઈંટના .........................થાય.

(૩) એક સો હજાર એટલે ...................લાખ.

(૪) છ હજાર ત્રીસ ને અંકમાં .......................... લખાય.

(૫) ૨૪૫૩૮ માં ૪ ની સ્થાનકિંમત ...............................થાય.

પ્રશ્ન- ૪. નીચેના દાખલા ગણો.

(૧) એક ટ્રેક્ટરમાં ૧૫૦૦ ઈંટો છે અને બીજા ટ્રેક્ટરમાં ૨૫૦૦ ઈંટો છે તો બન્ને ટ્રેક્ટરમાં રહેલી ઈંટોનો તફાવત કેટલો થાય ?

(૨) એક ટ્રેક્ટરમાં ૨૦૦૦ ઈંટો લઈ જવાય છે તો ૬૦૦૦ ઈંટો લઈ જવા માટે ટ્રેક્ટરનાં કેટલા ફેરા કરવા પડે ?

પ્રશ્ન- ૫ નીચેની વિગત પરથી પ્રશ્નોના જવાબ આપો.

| | |
|---|---|
| જુની ઈંટો | - ૧૦૦૦ ઈંટોના ૧૮૦૦ રૂપિયા |
| જલારામની નવી ઈંટો | - ૧૦૦૦ ઈંટોના ૪૦૦૦ રૂપિયા |
| નિજાનંદની નવી ઈંટો | - ૧૦૦૦ ઈંટોના ૩૬૦૦ રૂપિયા |

(૧) જો મહેશભાઇને ૫૦૦ નિજાનંદની નવી ઈંટો ખરીદવી હોય તો કેટલા રૂપિયા થાય ?

(૨) જો નરેનભાઇને ૨૦૦૦ જુની ઈંટો ખરીદવી હોય તો કેટલા રૂપિયા આપવા પડે ?

(૩) જો રજનીભાઇને ૩૦૦૦ જલારામની નવી ઈંટો ખરીદવી હોય તો કેટલા રૂપિયા થાય ?

(૪) કેતનભાઇ ૫૦૦ ઈંટો જુની ખરીદે છે તથા જલારામની નવી ૨૦૦૦ ઈંટો ખરીદે છે તો તેમને કુલ કેટલા રૂપિયા ચૂકવ્યા હશે ?